## વડીલોને વંદન અભિનંદન



ભદ્રશીલાબેન કે. ત્રિવેદી
(૧૯૫૫) મો. ૯૪૨૬૩૫૨૭૮૧



નીરૂબેન રસિકલાલ પટેલ
(૧૯૪૯) મો. ૯૯૯૮૭૧૪૨૬૧

# નવ રચિત સાત જિલ્લામાં જિલ્લા પંચાયતની રચના માટે ટૂંકમાં સિમાંકનની પ્રક્રિયા હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૯

રાજ્યમાં નવ રચિત સાત જિલ્લાઓમાં સિમાંકનની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવ્યા બાદ નવી જિલ્લા પંચાયતોની રચના કરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પંચાયત ગ્રામ વિકાસ વિભાગ સાથે સંકળાયેલ અત્યંત વિશ્વાસ પાત્ર સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં કેટલાક જિલ્લાઓનું વિભાજન કરીને સાત નવા જિલ્લાઓની રચના કરવામાં આવી છે. જેમાં જામનગર જિલ્લાનું વિભાજન દ્વારા દેવ ભૂમિ દ્વારકા, જૂનાગઢ જિલ્લાનું વિભાજન કરીને ગીર સોમનાથ, રાજકોટ જિલ્લાનું વિભાજન કરીને મોરબી જિલ્લો ભાવનગર જિલ્લાનું વિભાજન કરીને બોટાદ જિલ્લો સાબરકાંઠા જિલ્લાનું વિભાજન કરીને અરવલ્લી જિલ્લો અને સાતમો મહીસાગર જિલ્લો બનાવવામાં આવ્યો છે.

આ નવ રચિત સાત જિલ્લાઓની રચના કરવામાં આવ્યા બાદ ગત ૧૫મી ઓગષ્ટથી આ સાત જિલ્લાઓ અસ્તિત્વમાં આવતા અલગ નવા જિલ્લા તરીકે કાર્યરત થયા છે. આ જિલ્લામાં જિલ્લા કલેક્ટરોની નિમણુંકો કરવામાં આવી છે જો કે નવ રચિત જિલ્લામાં પંચાયતોની બેઠકો માટેનું સીમાંકન કરવામાં ન આવતા હાલ આ સાત નવા જિલ્લાઓમાં નવી જિલ્લા પંચાયતોની રચના કરવામાં આવી ન હોઈ પંચાયતની કામગીરી જૂના જિલ્લાની જિલ્લા પંચાયત દ્વારા કરવામાં આવનાર છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નવ રચિત સાત જિલ્લા પંચાયતોમાં વસ્તીના આધારે કેટલી જિલ્લા પંચાયત બેઠકો રાખવી તે નક્કી કરવામાં આવશે તેમજ બેઠક માટે સીમાંકન પણ રાજ્ય ચૂંટણી પંચ સાથે પરામર્શ કરીને કરવામાં આવશે.

આ માટે પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા નવી જિલ્લા પંચાયતની રચના માટે સીમાંકન કરવા માટે રાજ્ય ચૂંટણી પંચને એક દરખાસ્ત તૈયાર કરીને મોકલવા માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સાથોસાથ નવી જિલ્લા પંચાયતની રચના માટે એક દરખાસ્ત તૈયાર કરીને આગામી ટૂંક સમયમાં રાજ્યમંત્રી મંડળની મંજૂરી અર્થે રજુ કરવા માટેની કવાયત પણ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી હોવાનું વિભાગ દ્વારા હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા નવરચિત સાત જિલ્લાઓમાં આગામી ટૂંક સમયમાં સિમાંકનની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવ્યા બાદ તુરત જ જિલ્લા પંચાયતોની રચના અંગેની પ્રક્રિયા હાથ ધરાશે અને પંચાયતોની રચના થઈ ગયા બાદ રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીઓ કરવામાં આવશે.




જન્માષ્ટમીની પૂર્વ સંધ્યાએ ગાંધીનગર ટાઉનહોલ ખાતે ભગવાન શ્રી કૃષ્ણનાં જીવન પર આધારીત નૃત્ય નાટીકા 'કૃષ્ણ ચરણામૃતમ્' રજૂ કરવામાં આવી હતી. રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગરનાં ઉપક્રમે યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં કૃષ્ણ ચરિત્રનાં વિવિધ પ્રસંગોને નયનરમ્ય નૃત્યો અને ગીતો સાથે સાંકળીને તૈયાર કરેલ 'ભરત નાટ્યમ્' નૃત્ય શ્રેણી આધારીત આ કૃતિ ગૌરવ પુરસ્કૃત કાશ્મીરા ત્રિવેદી અને હર્ષા ભાવસારના નૃત્ય ગિદર્શનમાં તૈયાર કરવામાં આવી હતી તે પ્રસંગની તસવીર. (તસવીર : કશ્યપ નિમાવત)

# સેકટરોમાં નિયત કરેલી જગ્યા પર કચરા પેટી મૂકવા રહીશોની માંગ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરના સેકટરોમાં કચરાપેટીની નિયત કરેલી જગ્યાએ કચરાપેટી મૂકવામાં ન આવતા સ્થાનિક રહીશોને ન છુટકે કચરાપેટીની જગ્યાએ ખુલ્લી જગ્યામાં કચરો નાંખવાની ફરજ પડે છે. જેથી અસહ્ય ગંદકીને કારણે મચ્છરોનો ઉપદ્રવ વધતા આસપાસ રહેતા રહીશોને આરોગ્ય સાથે પણ ખતરો ઉભો થવા પામ્યો છે.

શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે ગાંધીનગરના સેકટરોમાં તંત્ર દ્વારા નિયત કરેલી જગ્યા ઉપર કચરાપેટી મૂકવામાં આવી છે. જેથી આસપાસમાં રહેતા રહીશો કચરો કચરાપેટીમાં નાંખે છે પરંતુ કચરાપેટી ભરાઈ ગયા પછી તેને ખાલી કરવા માટે લઈ જાય છે. કર્મચારીઓ તે જગ્યાએ ખાલી કચરાપેટી ન મૂકતા સ્થાનિક રહીશો નિયત કરેલી જગ્યામાં જ કચરો ફેંકતા અસહ્ય ગંદકી ફેલાય છે જેથી તંત્ર દ્વારા નિયત કરેલી જગ્યા પર કચરાપેટી મૂકવામાં આવે તેવી શહેરીજનોની લાગણી અને માંગણી છે.




પરિમલ એપાર્ટમેન્ટ સેક્ટર-૭ ખાતે લાયન્સ કલબ અને ઓમ યુથ સર્કલ દ્વારા જન્માષ્ટમીનાં તહેવાર નિમિત્તે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોની વેશભૂષા, નૃત્ય અને મટકી ફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા, ધારાસભ્યશ્રી અશોકભાઈ પટેલ, સ્ટેન્ડીંગ કમિટીનાં ચેરમેન શ્રી આશિષ દવે, ડેપ્યુટી મેયર શ્રી સુબાષ પાંડવ તેમજ લાયન્સ કલબનાં હોદ્દેદારો, પરિમલ એપાર્ટના પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.

# તરણેતરના લોકમેળામાં ગ્રામિણ ઓલમ્પિક્સ યોજાશે

## ખેલાડીઓને ૫મી સપ્ટે. સુધી નામ નોંધાવવા અનુરોધ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા ચાલુ વર્ષે તરણેતર જિ. સુરેન્દ્રનગર ખાતે લોકમેળામાં તા. ૮મીથી ૧૦મી સપ્ટેમ્બર દરમિયાન ગ્રામિણ ઓલમ્પિક્સનું આયોજન કરવામાં આવ્યું છે. ઓલમ્પિક્સમાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓએ પોતાની એન્ટ્રી ૫મી સપ્ટેમ્બર સુધીમાં જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, લીંબડી ખાતે મોકલી આપવા જણાવાયું છે.

ઓલમ્પિક્સમાં ભાઈઓ માટે ટુંકી દોડ, લાંબી દોડ (૪x૧૦૦ મી.રીલે દોડ), લાંબી દોડ ૩૦૦૦ મી. દોડ, લાંબી કુદ, ગોળાફેંક, નારીયેળ ફેંક, કુસ્તી, વોલીબોલ, લંગડી, કબડ્ડી, રસ્સાખેંચ, લાકડી ફેરવવી, સ્ટ્રોન્ગેસ્ટમેન, ખાંડના લાડવા ખાવાની હરીફાઈ, અશ્વ દોડ, બળદગાડા દોડ, અશ્વ હરીફાઈ શણગાર, અશ્વ હરીફાઈ રેવાલ અને બહેનો માટે - ટુંકીદોડ, લાંબીદોડ (૪x૧૦૦ મી. રીલે દોડ), લાંબી દોડ ૩૦૦૦ મી. દોડ, લાંબી કુદ, ગોળા ફેંક, વોલીબોલ, કબડ્ડી, લંગડી, માટલાદોડ, સાતોડી (નારગોલ) જેવી પરંપરાગત રમતોનો પણ સમાવેશ કરવામાં આવેલ છે તેમજ વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવનાર છે. (ખેલમહાકુંભના વિજેતાને રોકડ પુરસ્કાર આપવામાં આવશે નહી. આ ગ્રામિણ ઓલમ્પિકમાં ભાગ લેવા ઈચ્છતી જિલ્લા (ગ્રામ્ય)ની ટીમોની તેમજ ઈચ્છુક રમતવીરોની એન્ટ્રીઓ 'શ્રી એચ.એમ. જાડેજા, સિનીયર કોચશ્રી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સ્પોર્ટસ હોસ્ટેલ કમ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, સૌરાષ્ટ્ર કો.ઓ. સ્પીનીંગ મીલ સામે, લીંબડી-૩૬૩૪૨૧, જી. સુરેન્દ્રનગર' ને તા. ૫-૯-૨૦૧૩ સુધીમાં સમયસર મળી રહે તે રીતે મોકલી આપવાની રહેશે. આ અંગેના એન્ટ્રી ફોર્મ દરેક જિલ્લાના સિનીયર કોચશ્રી, જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર તથા જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી ખાતેથી ઉપલબ્ધ થશે.

# અવાવરૂ કૂવામાં આધેડ પડી જતાં ફાયરબ્રિગેડનું રેસ્ક્યુ ઓપરેશન

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર નજીકના કુડાસણ ગામની સીમમાં આવેલા આશરે ૬૦ ફૂટ ઊંડા અવાવરૂ કૂવામાં ગામનો જ એક આધેડ પડી ગયો હતો. ગાંધીનગર ફાયરબ્રિગેડને આ સંદર્ભે કોલ આવતા ઘટનાસ્થળે પહોંચીને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરીને આધેડને બચાવી લીધો હતો. કૂવામાંથી બહાર કઢાયેલા આધેડને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. હાલ તેની તબીયત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે.

# ચિલોડા સર્કલ પાસેથી દારૂ પીધેલ હાલતમાં કારચાલક પકડાયો

ગાંધીનગર તાલુકાના ચિલોડા જંકશન મથકના સર્કલ પાસેથી એક કારચાલક દારૂ પીધેલ હાલતમાં કાર ચેક કરતાં માલુમ પડતાં ચિલોડા પોલીસે પકડી પાડ્યો હતો. ચિલોડા પોલીસ રાત્રે પેટ્રોલીંગ કરતા હતા ત્યારે ચિલોડા સર્કલ પાસે વાહનચેકીંગ હાથ ધરતાં કાર નં. આરજે-૨૭-ટી.એ.-૩૫૧૨ ટ્વેરા કારનો ચાલક પીધેલી હાલતમાં કાર હંકારતા ઝડપી લીધો હતો. આ કાર ચલાવતો શખ્સ દિનેશકુમાર ભૈરંલાલ રહે. ગુપ્તાનગર, જીવરાજ રોડ, અમદાવાદનો હતો. આમ ચિલોડા પોલીસ સ્ટેશનના પી.આઈ. એલ.બી. માણપરા પોલીસ સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સઘન ચેકીંગમાં શખ્સ ઝડપાઈ જતાં તપાસ હે.કો. વિરેન્દ્રસિંહ રણજીતસિંહ રાવ કરી રહ્યા છે.

# બીએસએનએલ દ્વારા ટેલિફોન અદાલત યોજાશે

ગાંધીનગર, તા. ૨૯

ભારત સંચાર નિગમ લિમિટેડ ગાંધીનગર ક્ષેત્રિય પ્રબંધક કચેરીએ જણાવ્યું છે કે આગામી ૧૭મી સપ્ટેમ્બર-૨૦૧૩ના રોજ ટેલિફોન અદાલત યોજાશે.

બીએસએનએલ દ્વારા ટેલિફોન એક્સચેન્જ, સેક્ટર-૧૧, ગાંધીનગરના સભારૂમ ખાતે બપોરે ૧૨ કલાકે ટેલિફોન અદાલત યોજાશે. આ અંગેની અરજી ૧૬મી સપ્ટેમ્બર-૨૦૧૩ સુધીમાં સબ ડિવિઝનલ એન્જિનિયર, ટેલિફોન એક્સચેન્જ, સેક્ટર-૧૧, ગાંધીનગર, ઈ-મેઈલ saetgnr@gmail.com ઉપર મોકલવા જણાવ્યુ છે.

# જુ.સિ.કા., સિ.સિ.કા. અને સહયોગ મંડળ દ્વારા સેવાકીય કાર્યક્રમો યોજાયા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જુ.સિ.કા., સિ.સિ.કા. અને સહયોગ મંડળ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે નગરમાં સેવાકીય પ્રવૃત્તિએ સદંતર ચાલી રહી છે. તાજેતરમાં સંસ્થા દ્વારા આર્થિક નબળા બાળકોને તબીબી સારવાર, નિ:શુલ્ક દવા, રકતદાન, વૃદ્ધોને ધાર્મિક સ્થાળોનો પ્રવાસ કરાવવામાં આવ્યો હતો.

ફરતા દવાખાના મારફતે આજુબાજુના ગામોમાં આર્થિક નબળા દર્દીઓને તબીબી સારવાર અપાઈ હતી. ગરીબ દર્દીઓને નિ:શુલ્ક દવાઓ આપવામાં આવી હતી. વૈજનાથ મહાદેવ મંદિર સે-૨૧માં રેડક્રોસ બ્લડ પ્રોગ્રામ દ્વારા રકતદાન શિબિર યોજાઈ હતી. સહયોગ મંડળે કૈલાસબા વૃદ્ધાશ્રમના વડીલોને ગણપતપુરા, ભૂટ ભવાની, સાળંગપુર, બગદાણા-બાપા સીતારામનો ધાર્મિક પ્રવાસ કરાવ્યો હતો. કાર્યક્રમમાં ભીખુભાઈ, દશરથભાઈ પટેલ, રતિલાલ, નટુભાઈ અને દશરથભાઈ પરમારે જરુરી સહયોગ આપ્યો હતો.

## દુ:ખદ અવસાન

હિન્દુ ઘાંચી સમાજના ભરતકુમાર કેશવલાલ મોદીનો તાજેતરમાં સ્વર્ગવાસ થતાં સ્વર્ગસ્થનું બેસણું વિસનગર અને ગાંધીનગર એમ બે સ્થળે રાખવામાં આવ્યું છે.

વિસનગર મોદી સમાજની વાડીએ ૩૧મી ઓગષ્ટે સવારે ૯ કલાકે સ્વ. ભરતકુમાર મોદીનું બેસણું યોજાશે. અને ૧લી સપ્ટેમ્બરે પ્લોટ નં. ૪૪૬/૨, સેક્ટર-૫-એ, ગાંધીનગર ખાતે બપોરે ૩ થી ૫ કલાકે યોજાશે જેની સર્વે સ્નેહી સ્વજનોએ નોંધ લેવી.

## દુ:ખદ અવસાન

ઔદિચ્ય ગઢિયા બ્રાહ્મણ તથા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પરિવારના સ્વ. નવનીતલાલ ભટ્ટના સુપુત્ર રવિન્દ્ર નવનીતલાલ ભટ્ટ જે શ્રી ભરતકુમાર (વામનભાઈ) તથા ડૉ. યશોધર ભટ્ટ (ભાવનગર)નાં લઘુબંધુ તથા જ્યોતિબેન ગિરીશભાઈ ભટ્ટ (રાજકોટ) તેમજ દિપકભાઈ ભટ્ટ (જીઈડીએ)નાં વડીલબંધુ તથા જેસલબેનનાં પિતાશ્રી અને શ્રી બલદેવરાય શિવશંકર ભટ્ટ (જામનગર)નાં ભત્રીજા, ૨૮-૮-૨૦૧૩ બુધવારના રોજ કૈલાસવાસી થયા છે. સ્વર્ગસ્થનું બેસણું તા. ૩૧-૮-૨૦૧૩ શનિવારે તેમના નિવાસ સ્થાન : ૬૨, સંકલ્પ રોયલ બંગ્લોઝ, વાવોલ - ઉવારસદ રોડ, વાવોલ, ગાંધીનગર ખાતે સાંજના ૫ થી ૭ વાગ્યા સુધી રાખવામાં આવેલ છે.

# જિલ્લા કોંગ્રેસ સમિતિની ૨જી સપ્ટેમ્બરના રોજ બેઠક

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ તરફથી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના આદેશ મુજબ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિની કારોબારી સમિતિની બેઠક જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી જશુભા રાણાના અધ્યક્ષસ્થાને મહારાજા લેન્ડ માર્ક હોટલ કલોલ તા. કલોલ જિ. ગાંધીનગર ખાતે તા. ૨-૯-૨૦૧૩ને સોમવારના રોજ સવારના ૧૦ કલાકે રાખવામાં આવેલ છે. સદર બેઠકમાં ૨૦૧૪માં યોજાનાર લોકસભાની ચૂંટણી અંગે ગાંધીનગર જિલ્લા નિરીક્ષક શ્રી સી. આર. પટેલ, શ્રી રાજકુમાર ગુપ્તા, શ્રી માયાબેન દવે, શ્રી રાજેન્દ્રસિંહ કુંપાવત હાજર રહી માર્ગદર્શન આપનાર છે. આ બેઠકમાં જિલ્લા કોંગ્રેસ કારોબારી સમિતિના તમામ સભ્યશ્રીઓ ઉપરાંત જિલ્લાના વિવિધ સેલ અને ફ્રન્ટલના પ્રમુખશ્રીઓએ હાજર રહેવા જિલ્લા પ્રવક્તા અશ્વિનભાઈ બારોટે જણાવેલ છે.

## આરોગ્ય સદન નિર્માણ માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કામગીરી કરી રહ્યુ છે પરંતુ તેમાં સઘનીકરણ જરૂરી છે. તેમણે જણાવ્યુ કે ફરજના સ્થળોએ તબીબો રાત્રિ રોકાણ કરતા નથી જણાતા એ અત્યંત દુ:ખદ બાબત છે. સરકાર હવે આવુ વલણ સાંખી લેવા માંગતી નથી.

તેમણે એમ પણ જણાવ્યુ હતુ કે દવાખાનાઓમાં દર્દીઓના અધિકારો અંગેની જાણકારી મળી રહે તે માટેના બોર્ડ મુકવા જોઈએ. આ ઉપરાંત આરોગ્ય વિષયક જન જાગૃતિ વધે તે પર ખાસ ભાર મુકતાં તેમણે આ અભિયાન એક ઝુંબેશ સ્વરૂપે હાથ ધરાય તેવો આગ્રહ કર્યો હતો.

આ બેઠકમાં ડેન્ગ્યુ તેમજ વાહકજન્ય રોગચાળો તેમજ પાણીજન્ય રોગચાળાની સ્થિતિ અંગે પણ અછડતો ઉલ્લેખ કર્યો હતો.

આજની આ બેઠકમાં આરોગ્ય કર્મીઓને બેસવાની જગ્યા ઘણી ઓછી પડતી હોવાની તેમજ અલગ ઓડિટોરીયમ સાથેની જિલ્લા આરોગ્યની કચેરી માટે રજુઆત કરાઈ હતી.

આ બેઠકમાં જિલ્લાની હાલની ઉપલબ્ધ આરોગ્ય સેવાઓ તેમજ નવા આયોજનો અને જિલ્લામાં અમલી એવી આરોગ્ય યોજનાઓની પણ ચર્ચાઓ થઈ હતી. તેમણે જનની સુરક્ષા યોજના, રાષ્ટ્રીય સ્વાસ્થ્ય બીમાયોજના, મુખ્યમંત્રી અમૃતમ્ યોજના, બાલસખા યોજના સહિતની વિવિધ યોજનાઓની પણ સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, મેડીકલ કોલેજના ડીન, સિવિલ હોસ્પિટલના સુપ્રિડેન્ટ, મ્યુનિ. હેલ્થ ઓફિસર સહિત જિલ્લાના આરોગ્ય અધિકારીઓ હાજર રહ્યા હતા. મેડીકલ કોલેજના ઓડિટોરિયમ ખાતે આ સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી અને બે કલાક જેટલો સમય તે ચાલી હતી.

## ગમખ્વાર અકસ્માતો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જીતેન્દ્રસિંહ ઊર્ફે કિશોરસિંહ જાડેજાનો એકનો એક દિકરો ૧૯ વર્ષિય રૂદ્રજીતસિંહ જાડેજા કુડાસણથી શહેર તરફી આવી રહ્યો હતો. એસેન્ટ ગાડી નં. જીજે-૧૮એ.એચ. ૮૪૭૪ લઈને રૂદ્રજીતસિંહ શાહપુર ચોકડીથી ચ-૦ સર્કલ તરફ જઈ રહ્યા હતા તે દરમ્યાન રોંગ સાઈડમાં આવી રહેલા આરએન્ડબી ખાતાના સરકારી ડમ્પર નં. જીજે-૧-જી ૬૧૭૫ સાથે સામસામે અથડાયા હતા. આ અકસ્માતમાં ધડાકાભેર ટક્કરથી ડમ્પરનો ડ્રાઈવર સાઈડનો ભાગ કુરચો બોલી ગયો હતો. જ્યારે એસેન્ટ ગાડીનો પણ ખુડદો બોલી ગયો હતો. ગાડીમાં સવાર રૂદ્રજીતસિંહને ગંભીર ઈજાઓ થતા તેને હોસ્પિટલ લઈ જવાયો હતો. પરંતુ સારવાર દરમિયાન તેનું કરૂણ મૃત્યુ નિપજ્યુ હતુ. સે. ૭ પોલીસે આ બનાવ અંગે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## ઉલ્લાસપૂર્વક ઉજવણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુલાલની છોળ ઉડાડી પર્વની ખુશાલી વ્યક્ત કરી હતી.

વિશ્વ હિન્દુ પરિષદના ધર્મ પ્રસાર વિભાગ તરફથી જન્માષ્ટમી મહોત્સવ યાત્રા કરવામાં આવી હતી. વિશ્વ હિન્દુ પરિષદના સ્થાપના દિન નિમિત્તે યોજાયેલી યાત્રામાં નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. ગાંધીનગર સીટીના પ્રમુખ સુરેશ પટેલ, વિપુલ ઠાકર, પરિષદના કાર્યકરો ખાસ જોડાયા હતા.

નગરમાં કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે કૃષ્ણ ભગવાનની વેશભૂા પણ યોજાઈ હતી. મટકી ફોડ પ્રસંગે સેક્ટ-૭માં રૂદ્ર તેજસભાઈ ગાંધીએ કૃષ્ણ વેશ ધરી મટકી ફોડી નાના બાળ સખાઓ સાથે ભગવાન કૃષ્ણ લીલા રચી હતી.

## પોલીટેકનિકની નવી ઈમારત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત આંતરિક રસ્તા, રેઈન વોટર હારવેસ્ટીંગ સિસ્ટમ, પાર્કીંગનું પણ કામ હાથ ધરાશે. આર.સી.સી. ફ્રેમ સ્ટ્રક્ચર આધારિત બિલ્ડીંગનું કામ કરવામાં આવશે. આ માટે ભૂકંપ પ્રતિરોધક ડિઝાઈન તૈયાર કરવામાં આવી છે. નવા બિલ્ડીંગના નિર્માણ પાછળ રૂ. ૬.૨૫ કરોડનો ખર્ચ થશે.

## ખાસ સમીક્ષા બેઠક

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર શહેર અને જિલ્લાના પ્રશ્નોને લઈ આજે પ્રભારી સચિવે બોલાવેલી સમીક્ષા બેઠકમાં રેન બસેરા, સચિવાલયની ફાયર સિસ્ટમ, સ્લમ ક્વાટર્સની પ્રગતિ તેમજ બી.પી.એલ. પરિવારોને આરોગ્યના મળતા લાભો અંગેના ખાસ બોર્ડ આરોગ્ય કેન્દ્રોમાં મુકવાના મુદ્દાઓને આવરી લીધા હતા.

મળતી વિગતો પ્રમાણે પ્રભારી સચિવશ્રીએ ખાસ કરીને સે. ૨૧ના શાકમાર્કેટ તેમજ તેની આસપાસના વિસ્તારની સફાઈને લઈ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે શહેરના જાહેરમાર્ગોની સાથે સાથે આંતરિક માર્ગોની સ્વચ્છતા જાળવવા તેમજ સ્ટ્રોમ વોટર લાઈનની સ્વચ્છતા અંગે પણ કડક તાકીદ કરી હતી.

ગાંધીનગર અને આસપાસના વિસ્તારોમાં ચાલતી બાંધકામ પ્રવૃત્તિને લઈ મજૂરોના નાઈટ સેન્ટરની અદ્યતન સુવિધાઓ ઉભી કરવા પર ભાર મુક્યો હતો.


શહેરમાં બે રેનબસેરા બનાવવા માટે કોર્પોરેશને નાણાંકીય જોગવાઈ કરી છે પરંતુ હજુ જગ્યા નિયત કરાઈ નહિ હોવાનું જાણી તેમણે નારાજગી વ્યક્ત કરી આ માટે માર્ગ-મકાન વિભાગને તાકીદે કામગીરી કરવા જણાવ્યુ હતુ.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં પાયાની સુવિધાઓના કામો અગ્રતાના ધોરણે હાથ ધરવાનો નિર્દેશ આપી તેમણે કોર્પોરેશનને અને માર્ગ-મકાન વિભાગ સાથે સંકલનમાં રહી આગળ વધવા જણાવ્યુ હતુ.

પ્રા. શાળાના બાળકોને પીવા માટે શુદ્ધ પાણી મળી રહે તે માટે આર.ઓ. પ્લાન્ટ પણ ઝડપથી કાર્યરત થાય તેવો આગ્રહ કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીની સ્વર્ણીમ જયંતિ યોજના અંતર્ગત મળેલ ગ્રાન્ટમાંથી સર્વસમાવેશક સુવિધાના કામો હાલ ધરાય તેવો આગ્રહ કર્યો હતો તેમજ નવા સેક્ટરોમાં જાહેર સુલભ શૌચાલયો બનાવવામાં પણ અગ્રતાથી કામ થાય તે જોવા જણાવ્યુ હતુ.

## શબ્દાવલી - ૫૧૬૧



### આડી ચાવી

૧. રીત, પ્રથા (૩)
૩. સુધારો - વધારો થયો, ફેરબદલી (૪)
૭. અક્કલનું..., બુદ્ધિનો બળદિયો (૪)
૮. કંજૂસ (૨)
૧૦. સહી, ઈન્ક (૨)
૧૧. મિલ્કત (૩)
૧૪. ઈતિહાસને લગતું (૫)
૧૬. દર્દ, દુ:ખ (૩)
૧૮. ધંધા વગેરેમાં ડીલ કરનાર (૩)
૧૯. હિંમત, તાકાત (૩)
૨૧. દાટવું તે (૩)
૨૨. ફાયદો, નફો (૨)

### ઊભી ચાવી

૧. ઈનામ, એવોર્ડ (૪)
૨. સ્તુતિ, પ્રાર્થના (૨)
૩. વિનાશ (૩)
૪. ઈચ્છા પુરી થવી, મુરાદ... આપવી (૨)
૫. દેખાવ, દર્શન (૩)
૬. તલ્લીન (૨)
૯. જીવવાની તીવ્ર ઈચ્છા (૪)
૧૨. લાકડા કાપવાનું હથિયાર (૩)
૧૩. પાણીની ફરફર (૩)
૧૫. રેખા-અમિતાભ-સંજીવકુમાર-જયાભાદુરીની એક ફિલ્મ (૪)
૧૬. ચર્ચા, ઝઘડો (૩)
૧૭. દબાવવું તે (૩)
૨૦. લાજ, શરમ (૨)

### શબ્દાવલી ૫૧૬૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) સલામી (૩) સાવચેતી (૫) લાય (૬) સફર (૭) મકસદ (૯) દાનવ (૧૧) મન (૧૨) ભસ્યા (૧૪) રવ (૧૫) આણ (૧૬) આકાશવાણી (૧૭) કાકા (૧૮) ફરી (૧૯) શરાફત (૨૦) સંગીત

**ઊભી ચાવી :-** (૧) સલામતી (૨) લાયક (૩) સાફ (૪) વરદાન (૬) સદન (૮) સમસ્યા (૧૦) વગોવણી (૧૨) ભણકારા (૧૩) શિકારી (૧૪) રવાનગી (૧૫) આકાશ (૧૬) આફત

ટચૂકડી જાહેર ખબર
જોઈએ છે
GSPC ગેસના મીટર રીડીંગ માટે છોકરાઓ જોઈએ છે.
મો. : ૯૪૨૯૨ ૦૨૪૭૨

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ